| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૨૧/૦૬/૨૦૨૬ | | |
| રજીસ્ટર તારીખ | ૨૧/૦૬/૨૦૨૬ | | |
| નિકાલ તારીખ | ૧૨/૦૬/૨૦૨૬ | | |
| સમય અવધી | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૨૩ |

**રાજકોટના મહે. બીજા એડિશનલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં,**
**મુકામઃ રાજકોટ.**

**ફોજદારી પરચુરણ અરજી નંબરઃ ૧૭૯૧/૨૦૨૬.**

**આંકઃ ૦૭**

**અરજદાર.**

**હારૂનભાઈ કૌશરભાઈ શેખ,**
ઉ.વ. પુખ્ત, વ્યવસાયઃ સોનીકામ,
રહે. હાથીખાના, શેરી નંબરઃ ૧૩,
નવયુગ સ્કુલ પાસે, રાજકોટ.
(**હાલઃ સેન્ટ્રલ જેલ–રાજકોટ**)

–// વિરૂધ્ધ //–

**સામાવાળા.**

**શ્રી સરકાર.**

**બાબત: બીએનએસએસ કલમ ૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન અરજી..**

**વકિલશ્રીઓઃઃ**

અરજદાર તરફે :– વિદ્વાન વકિલ શ્રી એ. એ. ભારદ્વાજ.
સામાવાળા તરફે :– વિદ્વાન એ.પી.પી. શ્રી એ. એ. સોસન.

**– <u>ચુ કા દો</u> –**

૧. આ કામના અરજદાર/આરોપીની રાજકોટ શહેર, "એ" ડીવીઝન પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર નંબરઃ ૧૧૨૦૮૦૫૦૨૬૦૨૨૨/૨૦૨૬, બી.એન.એસ.ની કલમ ૩૧૬(૫) મુજબના ગુનાના કામે ધરપકડ કરેલ હોય અને અરજદાર/આરોપી જ્યુડીશ્યલ કસ્ટડીમાં કેદમાં હોય, અરજદારે અગાઉ રેગ્યુલર જામીન પર મુક્ત થવા માટેની અરજી દાખલ કરેલ હતી જે નામંજુર થયેલ છે અને ત્યારબાદ ચાર્જશીટ રજુ થઈ જતા હાલની અરજી બદલાયેલા સંજોગોમાં બીએનએસએસની કલમ ૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન મેળવવા માટે દાખલ કરેલ છે.

૨. આ જામીન અરજીની નોટીસ સામાવાળાને બજતા સરકારશ્રી વતી એ.પી.પી.શ્રી એ. એ. સોસન હાજર થયેલ છે અને તપાસ કરનાર અધિકારીનો અભિપ્રાય આંક–૦૬ થી રજુ રાખવામાં આવેલ છે.

અરજદાર/આરોપી તરફે આંક–૩ ના લીસ્ટથી રજુ દસ્તાવેજો ધ્યાને લીધા.

અરજદાર/આરોપી તરફે વિ. વ.શ્રી એ. એ. ભારદ્વાજ તેમજ સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રી એ. એ. સોસનની મૌખિક દલીલો સાંભળી.

3. અરજદાર તરફે મૌખિક દલીલોમાં મુખ્યત્વે જણાવેલ છે કે, આ કામના અરજદાર/આરોપી તદ્દન નિર્દોષ છે. અરજદાર/આરોપીએ કોઈ ગુનો કરેલો નથી તેમ છતાં અરજદાર/આરોપીને આ ગુનામાં ખોટી રીતે સંડોવી દેવામાં આવેલા છે. વધુમાં અરજદારે અગાઉ ફોજદારી પરચુરણ અરજી નંબરઃ ૧૬૮૨/૨૦૨૬, ૧૨૭૩/૨૦૨૬ ની દાખલ કરેલ હતી જે અરજીઓ નામંજુર થયેલ છે અને ત્યારબાદ

તપાસના અંતે આ કામે ચાર્જશીટ રજુ થઇ જતા, બદલાયેલા સંજોગોમાં અરજદારે હાલની અરજી દાખલ કરેલ છે. અરજદારે ફરિયાદી સાથે કોઇ વિશ્વાસઘાત કરેલ નથી કે અરજદારે કોઇ નાણાંકીય લાભ મેળવેલ નથી અને અરજદાર વિરુદ્ધનો કેસ દસ્તાવેજી પુરાવા પર આધારીત છે અને આ કામે ચાર્જશીટ રજુ થઇ ગયેલ હોય જેથી હવે કોઇ રીકવરી કે ડીસ્કવરી પણ બાકી નથી. વધુમાં અરજદાર વિરુદ્ધના ગુન્હાની ટ્રાયલ ચલાવવાની સત્તા જેએમએફસી કોર્ટને રહેલી છે. અરજદારનો કોઇ ગુન્હાહીત ઈતિહાસ નથી. અરજદારને તારીખઃ ૨૦/૦૩/૨૦૨૬ ના રોજ અટક કરવામાં આવેલ છે અને ત્યારથી અરજદાર જયુડીશ્યલ કસ્ટડીમાં છે. અરજદાર/આરોપી પર તેમના પરિવારની જવાબદારી છે અને અરજદાર રાજકોટના સ્થાનિક રહેવાસી છે, સ્થાવર તેમજ જંગમ મિલકત ધરાવે છે, કયાંય નાસી–ભાગી જાય તેમ નથી તેમજ અરજદાર નામદાર કોર્ટ ફરમાવે તે તમામ શરતોનું પાલન કરવાની ખાતરી આપે છે. આ ઉપરોકત તમામ હકીકતો અને જામીનના સંદર્ભમાં નામ. સુપ્રિમ કોર્ટ તથા નામ. હાઈકોર્ટે સ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લઈ અરજદારને યોગ્ય શરતોને આધિન જામીન ઉપર મુકત કરવાની રજુઆત કરેલ છે.

૪. સામાવાળા શ્રી સરકાર તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી દ્વારા અરજદારની જામીન અરજીનો વિરોધ કરતા એવી રજુઆત કરેલ છે કે, ફરિયાદ હકીકત મુજબ ફરિયાદી સોનાના દાગીના બનાવવાનું કામ કરે છે અને અરજદાર/આરોપીને ફાઇન સોનુ દાગીના બનાવવા માટે કમીશનથી આપતા હતા. ફરિયાદીએ તારીખઃ ૧૬/૦૯/૨૦૨૫ ના રોજ તેમજ તારીખઃ ૨૨/૦૯/૨૦૨૫ ના રોજ હારૂનભાઇને આર.જે. ઓર્નામેન્ટમાથી કુલ ૩૫૭ ગ્રામ ફાઇન સોનું લઇ લેવાનું કહેતા અરજદાર–હારૂનાભાઇ ઉપરોકત દુકાનેથી

ફાઈન સોનુ લઈ આવેલ અને આઠ દિવસમા સોનાના દાગીના બનાવી આપવાની ફરિયાદીને વાત કરેલ તેમ છતા આઠ દિવસ બાદ દાગીના બનાવી આપેલ ન હોય, તેમજ અવાર–નવાર બનાવી આપશે તેવા બહાના બનાવી રહેલ હોય, ઓકટોબર–૨૦૨૫ ના અંતમા ફરિયાદી અરજદાર–હારૂનભાઈની દુકાને ગયેલ અને દાગીના આપવા કહેલ તેમ છતાં બહાના બનાવેલ અને ત્યારબાદ દુકાન બંધ કરી જતા રહેલ છે. આમ, અરજદારે આ કામના ફરીયાદી પાસેથી ફાઈન સોનુ લઈ ૧.૮૫ ટકાના વેસ્ટેજ (કમીશન) થી વીસ કેરેટ સોનાના દાગીના બનાવી આપતા હોય અને આ કામે ફરીયાદીએ કુલ ફાઈન સોનુ ૩૫૭ ગ્રામ કિંમત રૂા. ૪૦,૪૧,૧૭૦/–ની થાય તે સોનુ કે સોનાના દાગીના કે પૈસા આજદીન સુધી પરત ન આપી બહાના બતાવી આ કામના ફરીયાદી સાથે વિશ્વાસઘાત કરી ગુન્હામા સક્રીય ભુમીકા ભજવેલ છે. અરજદારના નામજોગ ફરિયાદ છે. અરજદાર રૂા.૪૦,૪૧,૧૭૦/– ના સોનાનો માલ ઓળવી ગયેલા છે. વધુમાં અરજદારે દાખલ કરેલ રેગ્યુલર જામીન અરજીઓ નામંજુર થયેલ છે અને ત્યારબાદ માત્ર ચાર્જશીટ રજુ થઈ જવાથી ગુન્હાની ગંભીરતામાં કોઈ ઘટાડો થવા પામતો નથી કે આરોપી વિરુદ્ધના ગુન્હાના કામે સંજોગોમાં કોઈ બદલાવ આવતો નથી. ઉલ્ટાનુ અરજદાર વિરુદ્ધ પ્રથમદર્શનીય કેસ હોવાથી ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે. આ સંજોગોમાં અરજદારને જામીન પર મુક્ત કરવામાં આવશે તો સાહેદોને ડરાવે ધમકાવે અને ફરિયાદપક્ષના કેસને નુકશાન પહોંચાડે તેવી પુરેપુરી શકયતા રહેલી હોઈ તેમજ આવા પ્રકારના વિશ્વાસઘાત અંગેના ગુન્હાઓમાં આરોપીને જામીન પર મુક્ત કરવાથી તેમને કાયદાનો કોઈ ડર રહેશે નહિ. જે તમામ હકીકતો ધ્યાને લઈ અરજદારની જામીન અરજી રદ કરવા ભારપૂર્વક વિનંતી કરેલ છે.

૫. સદર કામે તપાસ કરનાર અમલદારશ્રી દ્વારા અરજી અન્વયેના રીપોર્ટથી જે હકીકતો જાહેર કરેલ છે તે ધ્યાને લીધી. અત્રેની અદાલત "જામીન એ નિયમ અને જેલ એ અપવાદ" ના સિધ્ધાંતથી વાકેફ છે. વળી, આજીવન કેદ કે દેહાંત દંડ રૂપી શિક્ષા પણ થઈ શકે તેવા ગુનામાં સંડોવાયેલ આરોપી પણ પોતાનો જામીન ઉપર છૂટવા માટેનો પ્રથમદર્શનીય કેસ હોવાનું દર્શાવે તો અદાલતે તેને જામીન ઉપર મુકત કરવાનો રહે છે એટલે કે, માત્રને માત્ર સજાનું પ્રમાણ તે જામીન અરજી મંજૂર કે નામંજૂર કરવાનું નિર્ણાયક પરિબળ નથી. જામીન અરજીનો નિર્ણય કરતી વખતે અદાલતે જે બાબત ધ્યાને લેવાની રહે છે તે એ છે કે, આરોપીનો જામીન ઉપર છૂટવા માટેનો પ્રથમદર્શનીય કેસ, ગુનાની ગંભીરતા, આરોપીની ગુનામાં ભાગીદારી, બનાવ જેવા ગુનાનું ફરી વખત પુનરાવર્તન થવાની શક્યતા, જામીનની દયાનો દુરૂપયોગ થવાની શક્યતા, આરોપીની વ્યક્તિગત સ્વતંત્રતાના હકકો, તથા સમાજનું હિત, ટ્રાયલ દરમ્યાન આરોપીની હાજરી વગેરે જેવા પરિબળો અદાલતે ધ્યાનમાં રાખવાના હોય છે, જેમાંથી એકાદ પરિબળ પણ આરોપીને જામીન ઉપર છૂટવા સમર્થનકર્તા ન હોય તો આરોપી જામીન ઉપર છૂટવાના હકકો ગુમાવી બેસે છે.

૬. જામીન અરજીમાં જણાવેલી હકીકતો તેમજ આંક–૩ ના લીસ્ટ સાથે રજૂ થયેલ દસ્તાવેજી પુરાવા તથા સામાવાળા સરકારશ્રી તરફે રજુ થયેલ આંક–૦૬ નો તપાસ કરનાર અમલદારનો અભિપ્રાય વંચાણે લીધો. પક્ષકારોના વિ.વકિલશ્રીઓની દલીલો સાંભળી. સદર જામીન અરજી પરત્વે નીચેના કારણો અત્રેની કોર્ટ દ્વારા ધ્યાને લેવામાં આવેલ છે.

**૬/૧.** આ કામે અરજદાર/આરોપી વિરુદ્ધ બી.એન.એસ.ની કલમ ૩૧૬(૫) મુજબનો ગુન્હો આચરેલ હોવાના આક્ષેપ છે.

**૬/૨.** અરજદારે અગાઉ દાખલ કરેલ રેગ્યુલર જામીન અરજીઓ નામંજુર થયેલ છે અને ત્યારબાદ તપાસના અંતે ચાર્જશીટ રજુ થઇ જવા પામેલ છે અને તે ફોજદારી કેસ નંબરઃ ૧૧૪૬૩/૨૦૨૬ થી પેન્ડીંગ છે.

**૬/૩.** અરજદાર વિરુદ્ધના આક્ષેપિત ગુન્હાની ટ્રાયલ ચલાવવાની સત્તા જે.એમ.એફ.સી. કોર્ટને રહેલ છે.

**૬/૪.** અરજદાર/આરોપીને તારીખઃ ૨૦/૦૩/૨૦૨૬ ના રોજ એરેસ્ટ કરવામાં આવેલ છે અને ત્યારથી અરજદાર જયુડીશ્યલ કસ્ટડીમાં છે અને કસ્ટોડીયલ ઈન્ટ્રોગેશન પુર્ણ થઇ ગયેલ છે.

**૬/૫.** અરજદારનો કોઇ ગુન્હાહીત ઈતિહાસ નથી અને અરજદાર છેલ્લા ૨૨ વર્ષથી રાજકોટમાં રહી સોનાનુ કામકાજ કરે છે તેમજ અરજદારે ટ્રાયલ દરમ્યાન નિયમિત હાજર રહેવાની ખાતરી આપેલ હોય, ચોક્કસ શરતોને આધીન જામીન મુકત કરવામાં આવે તો ટ્રાયલ દરમ્યાન તેઓની હાજરી ઉપલબ્ધ બની રહેશે તેમ હુ માનુ છુ.

આમ, ઉપરોક્ત હકીકતો સાથે **નામ. સુપ્રીમ કોર્ટ દ્વારા "સંજય ચંદ્રા વિરૂદ્ધ સી.બી.આઈ., ૨૦૧૧(૦)**

**એ.આઈ.જે.ઈ.એલ. – એસ.સી. – ૫૦૭૦૯**" ના ચુકાદામાં પ્રતિપાદિત થયેલા સિદ્ધાંતો ધ્યાને લેતા તેમજ આરોપી વિરૂદ્ધના ગુનામાં સજાની જોગવાઈ ધ્યાને લેતા અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુક્ત કરવા ન્યાયિક ડિસ્ક્રીશન વાપરવું યોગ્ય જણાઈ આવતુ હોય ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરુ છું.

**:: હુ ક મ ::**

**૧.** અરજદાર/આરોપીની હાલની આ રેગ્યુલર જામીન અરજી આથી મંજૂર કરવામાં આવે છે.

**૨.** અરજદાર/આરોપી **હારૂનભાઇ કૌશરભાઇ શેખ,** રહે. હાથીખાના, શેરી નંબરઃ ૧૩, નવયુગ સ્કુલ પાસે, રાજકોટ વાળાને રાજકોટ શહેર, "એ" ડીવીઝન પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર નંબરઃ ૧૧૨૦૮૦૫૦૨૬૦૨૨૨/૨૦૨૬ મુજબના ગુન્હાના કામે અરજદાર/આરોપીએ રૂા. ૨૫,૦૦૦/-(અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો સંબંધિત કોર્ટ સમક્ષ રજુ કર્યેથી અરજદાર/આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ-૪૮૩ અન્વયે નીચેની શરતોને આધીન જામીન મુક્ત કરવાનો હુકમ કરવામાં આવે છે.

// <u>શ ર તો</u> //

**૧)** અરજદાર/આરોપીએ કોઈપણ પ્રકારનું ગુનાહિત કૃત્ય કરવું નહીં

**૨)** અરજદાર/આરોપીએ ફરિયાદપક્ષના પુરાવા સાથે ચેડા કરવા નહીં કે સાક્ષી પુરાવા તોડવા ફોડવા પ્રયત્ન કરવો નહીં.

**૩)** અરજદાર/આરોપીએ હકુમત ધરાવતી કોર્ટની પરવાનગી મેળવ્યા વગર ભારત દેશની હદ છોડવી નહીં.

**૪)** અરજદાર/આરોપીએ ટ્રાયલ કોર્ટમાં દર મુદ્દતે નિયમિત રીતે હાજર રહેવું.

**૫)** અરજદાર/આરોપીએ પોતાના કાયમી રહેણાંકનું સરનામું લેખિત પુરસીસથી દસ્તાવેજી આધાર પુરાવા સાથે સંબંધિત કોર્ટ સમક્ષ રજુ કરવું અને તેમાં સંબંધિત કોર્ટની પરવાનગી વગર કોઈપણ પ્રકારનો ફેરફાર કરવો નહીં.

– જામીન સંબંધિત કોર્ટ સમક્ષ આપવા.

– હુકમ અંગેની જરુરી યાદી કરવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળઃ રાજકોટ.
તારીખઃ ૧૨/૦૬/૨૦૨૬.

**(તેજસ એસ. બ્રહ્મભટ્ટ)**
બીજા એડીશ્નલ સેશન્સ જજ,
રાજકોટ.
(**UID:GJ00609**)

*//phb//*